બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# ઈસુ એક મહાન શિક્ષક



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus

અનુકૂલન : E. Frischbutter; Sarah S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

Alastair Paterson

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2020 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.



પહેલા સર્વ થઈ ગયા તે સર્વ કરતાં
ઈસુ શ્રેષ્ઠ શિક્ષક હતો. લોકોના
ટોળાએ તેમને સાંભળ્યો.



ઈસુએ તેમને કહ્યું કે તેઓએ
દયાળુ, સારા અને ભલા
બનવું જોઈએ.



બીજા લોકો તેનો ધિક્કાર કરી
તેમને નુકશાન પહોંચાડી શકે છે પણ
ઈશ્વર તે દરેકની સંભાળ રાખે છે.



ઈસુએ તેમને
ઘણી બધી બાબતો
શીખવી. તેમણે કહ્યું
કે ઈશ્વરના લોકો
એક મીણબત્તીની
જેમ ઘરમાં અજવાળુ
આપે છે તેમ તેઓ
પણ ...



... જગતને
અજવાળાથી ભરી
દે છે. અંધકાર
ભરેલા કાળા
ઓરડામાં એક
મિણબત્તી શું
તફાવત ઊભો
કરી શકે છે!

જેમની સાથે ઈસુએ વાત કરી તેઓ બદલો લેવામાં માનતા હતાં. આંખને બદલે આંખ, દાંતને બદલે દાંત, પણ ઈસુએ પોતાના દુશ્મન પ્રત્યે પણ દયા માફી અને પ્રેમ દર્શાવવા માટે શિક્ષણ આપ્યું.




ઈસુના સમયમાં ઘણા લોકો બહુ
પવિત્ર હોવાનો ઢોંગ કરતા હતા.
જ્યારે તેઓ ગરીબ લોકોને
મદદ કરતાં ત્યારે તેઓ તે
પોતાનું
...


... રણશીંગડુ વગાડીને લોકોને
જણાવતા, જેથી લોકો તેમને જોઈ
શકે. “તમારા દાન ગુપ્ત રીતે આપો
અને ઈશ્વર તમને તેનો બદલો
આપશે.”
ઈસુએ
કહ્યું.

એવું જ ઈસુએ પ્રાર્થના વિશે શિખવ્યું. અમુક લોકો ચૌટામાં કે ખૂંણાઓમાં પ્રાર્થના કરતા હતા કે જેથી દરેક તેમને જોઈ શકે.



તેઓ ઈશ્વર વિશે ધ્યાન આપતા ન હતાં. તેઓ વિચારતા કે બીજા લોકો તેમને વિશે કેવું વિચારે છે.

ઈસુએ તેમને ઢોંગીઓ કહ્યાં કે જેઓ ખોટું નાટક કરનારા હતા.



ઈસુએ પોતાનું શિક્ષણ સમજાવવા માટે ઘણીવાર કુદરતી બાબતોનો ઉપયોગ કર્યો. ઉદાહરણ તરીકે તેમણે આકાશના પંખીઓ બતાવ્યાં.



“તમારો આકાશવાસી પિતા તેમને ભોજન પૂરું પાડે છે.” તેમણે કહ્યું. “ચિંતા ન કરો. ઈશ્વર તમને પણ ભોજન પુરું પાડશે.”



“સુલેમાન પણ પોતાના સર્વ ગૌરવમાં આ ખેતરનાં ઘાસના જેમ પહેરેલો ન હતો,” ઈસુએ ચાલુ રાખી જણાવ્યું.



"જો ઈશ્વર ખેતરના ઘાસને પહેરાવે છે તો તે તમને નહીં પહેરાવે?" ઈસુ લોકોને શિખવાડતો હતો કે જેથી લોકો ઈશ્વર પર કે જે તેમની સર્વ જરૂરિયાતો પુરી પાડે છે તે પર ભરોસો મુકે.



“જો તું તારા ભાઈનો ન્યાય કરે છે, તું જાણે કે પોતાની આંખમાં ભારોટીયા કાઢવાને બદલે તારા ભાઈની આંખનું તણખલુ કાઢવા મથે છે. ” ઈસુએ કહ્યું. કદાચ લોકો ગૂંચવાઈ ગયા હશે. પણ તેઓએ તેના મર્મ વિશે વિચાર કરવાની જરૂર હતી.





ઈસુએ કહ્યું કે લોકોએ ઈશ્વર તરફથી
મદદ માંગવી જોઈએ. આપણા પૃથ્વી
પરના પિતા પાસે આપણે રોટલી માંગીએ
તો તે આપણને પથ્થર આપે છે?ના! તેઓ
આપણને સારા વાનાં
આપે છે. જેઓ ઈશ્વર
પાસે માંગે છે તે
સઘળાને તે સારા
વાનાં આપે છે.

ઈસુ જે શ્રેષ્ઠ શિક્ષક હતો તે જૂઠા
શિક્ષકો વિશે ચેતવણી આપી.
“તેઓ ઘાંસના વસ્ત્રોની પેઠે
છે.” ઈસુએ કહ્યું.



“પણ અંદરથી તેઓ વરૂઓ
સમાન હોય છે!” તેમણે કહ્યું કે
જૂઠા શિક્ષકો તેમના કામો દ્વારા
જણાઈ આવે છે. તે કોણ છે.




એક વાર્તામાં તેમણે જણાવ્યું કે જે ઈશ્વરની આજ્ઞા
માને છે તે એક પહાડ પર
વસાવેલા ઘર સમાન છે.
જ્યારે ખૂબ જ તોફાન
આવ્યું. જ્યારે તે પુરું
થયું ત્યારે આ ઘર
દૃઢ અને મજબૂત રહ્યું.

પણ મૂર્ખ વ્યક્તિએ પોતાનું ઘર રેતી પર બનાવ્યું જ્યારે તે ઘર પર તોફાનનો સપાટો લાગ્યો, તે પડી ગયું કારણ કે તેનો પાયો નબળો હતો. ઈસુએ કહ્યું કે જેઓ ઈશ્વરના વચનને આધિન થતા નથી તેઓ તે મૂર્ખ માણસના જેવા છે.



લોકોના ટોળા તેમના શબ્દોથી આશ્ચર્ય પામ્યા. એ લોકો એવું કાંઈ સાંભળ્યું ન હતું. તે લોકોને ખબર પડી કે હવે ઈશ્વરનું વચન સાંભળવું પુરતુ નથી. તેઓએ તેનો દરરોજ અમલ કરવો જરૂરી હતું.



ઈસુ એક મહાન શિક્ષક

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માથ્થી ૫-૭, લૂક ૬

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬